BRAMPTON **Service and Information Update**

# સ્ટીલ્સ વેસ્ટ કોરિડોર માટે બ્રેમ્પટન ટ્રાન્ઝિટ સર્વિસ માર્ચ 10 થી સ્થગિત કરવામાં આવી

બ્રેમ્પટન, ઓન્ટેરિયો (માર્ચ 9, 2021) – બ્રેમ્પટન ટ્રાન્ઝિટ માર્ચ 10 નાં રોજ સર્વિસની શરૂઆતથી અમલમાં આવે તેમ સ્ટીલ્સ વેસ્ટ કોરિડોર માટે સર્વિસ સ્થગિત કરશે.

આ સંચાલનલક્ષી નિર્ણય બ્રેમ્પટન ટ્રાન્ઝિટ દ્વારા પીલ પબ્લિક હેલ્થની સક્રિય આરોગ્ય તપાસ દરમિયાન લેવામાં આવ્યો.

નીચેના રૂટ્સ પર અસર થશે:

- 511 ઝુમ સ્ટીલ્સ અને 11 સ્ટીલ્સ: સર્વિસનું છેલ્લું ચાલુ સ્ટોપ સ્ટીલ્સ એવન્યુ અને ચિંગકુસી રોડ રહેશે
- 51 હીયરફોર્ડ: સર્વિસનું છેલ્લું ચાલુ સ્ટોપ સ્ટીલ્સ એવન્યુ અને ફાઇનાન્સિયલ ડ્રાઇવ રહેશે

આ સ્થગિતકરણ ઓછામાં ઓછાં સાત દિવસ સુધી અમલમાં રહેશે. અમે અદ્યતન માહિતી ઉપલબ્ધ થાય એટલે તે પૂરી પાડીશું. વધારાના ફેરફારોનું અમલીકરણ કરવામાં આવી શકે. વધુ માહિતી અને રૂટ ડીટૂર વિગતો માટે વેબસાઇટ www.bramptontransit.com જુઓ.

**પીલ પબ્લિક હેલ્થ દ્વારા COVID-19 સામુદાયિક તપાસ**
પીલ પબ્લિક હેલ્થ પોતાની સામુદાયિક તપાસ પૂર્ણ કરે ત્યારે બ્રેમ્પટન ટ્રાન્ઝિટ તેઓ સાથે ઘનિષ્ઠપણે કામ કરી રહ્યું છે.

કર્મચારીઓ અને જાહેર જનતાને સુરક્ષિત રાખવામાં મદદરૂપ થવા પીલ પબ્લિક હેલ્થના નિર્દેશ અનુસાર, બ્રેમ્પટન ટ્રાન્ઝિટે ઓપરેટર્સને સ્થળ પર પરીક્ષણ પૂરું પાડ્યું છે અને તેઓએ મેડિકલ માસ્ક્સ પહેરવા અનિવાર્ય છે. કેટલાક કિસ્સાઓમાં સેલ્ફ-આઇસોલેશન અનિવાર્ય છે, બ્રેમ્પટન ટ્રાન્ઝિટના સર્વિસ લેવલ્સ પ્રભાવિત થઇ શકે છે.

પીલ પબ્લિક હેલ્થે સલાહ આપી છે કે પરીક્ષણ ખૂબ સાવચેતી રાખીને કરવામાં આવી રહ્યું છે. અત્યારે, વધારાના ઉપાયોની ભલામણો અનુસાર, પ્રવર્તમાન સામુદાયિક સંક્રમણને લીધે ઉપસ્થિત જોખમ ઉપરાંત ઓપરેટર્સ, જાહેર જનતા કે ટ્રાન્ઝિટ ઉપયોગકર્તાઓને વધારાનું કોઇ જોખમ નથી. સામુદાયિક સંક્રમણ સાથે, બધાં ટ્રાન્ઝિટ ઉપયોગકર્તાઓ માટે જાહેર આરોગ્ય ભલામણો અનુસરવાનું ચાલુ રાખવું મહત્વની બાબત છે. ટ્રાન્ઝિટનો ઉપયોગ કરશો નહિ જો તમને લક્ષણો જણાય અથવા COVID-19 નું નિદાન થયું હોય તેવી વ્યક્તિના ઘનિષ્ઠ સંપર્કમાં આવો. ટ્રાન્ઝિટ પર, વ્યક્તિઓ વચ્ચે શક્ય એટલું શારીરિક અંતર જાળવો, ચુસ્ત બંધબેસતો માસ્ક પહેરો અને તબીબી કટોકટી ઊભી થાય તે સિવાય માસ્ક્સ કાઢવાનું ટાળો (કંઇક ખાવા કે પીવા માટે માસ્ક કાઢવા સહિત).

સામુદાયિક તપાસને સંબંધિત વધુ વિગતો માટે, કૃપા કરી પીલ પબ્લિક હેલ્થનો સંપર્ક કરશો. સર્વિસને લગતી અદ્યતન માહિતી માટે, કૃપા કરી બ્રેમ્પટન ટ્રાન્ઝિટને Twitter પર જુઓ અથવા 905.874.2999 નંબર પર કૉલ કરો.

**COVID-19 સુરક્ષા ઉપાયો**
વધારે સારી સફાઇ અને સ્વચ્છતા (સેનિટાઇઝિંગ) સમયપત્રક અમલમાં રહે છે. બ્રેમ્પટન ટ્રાન્ઝિટનું લક્ષ્ય તમામ સખત સપાટીઓ, ઓપરેટર કમ્પાર્ટમેન્ટ્સ અને બેઠકોને દર 48 કલાકે ચેપરહિત કરવાનું છે. મોટા ભાગની બસોને હાલમાં દર 24 કલાકે સેનિટાઇઝ કરવામાં આવે છે. સખત સપાટીઓ ધરાવતી સગવડો અને ટર્મિનલ્સને રોજીંદા ધોરણે સાફ અને સેનિટાઇઝ કરવામાં આવે છે.

પીલ પબ્લિક હેલ્થના માર્ગદર્શન પ્રમાણે, અમે પ્રવાસીઓને આ યાદ અપાવીએ છીએ:

- ટર્મિનલ્સ પર અને બસોમાં ચુસ્ત બંધબેસતા ફેસ કવરિંગ્સ કે નોન-મેડિકલ માસ્ક્સ પહેરવા અનિવાર્ય છે – તબીબી સ્થિતિઓ સહિત માફી ચોક્કસ લાગુ પડે છે. ફેસ કવરિંગ્સથી તમારું નાક, મોઢું અને દાઢી બધાં સમયે ઢંકેલા હોવા જોઇએ. તબીબી કટોકટી ઊભી થાય તે સિવાય માસ્ક્સ કાઢવાનું ટાળો (કંઇક ખાવા કે પીવા માટે માસ્ક કાઢવા સહિત).

- ટર્મિનલ્સ અને બસ સ્ટોપ્સ પર માસ્ક પહેર્યો હોય તો પણ વ્યક્તિઓ વચ્ચે શારીરિક અંતર જાળવો.
- પ્રવાસ કરતી વખતે તમારું પોતાનું અંગત ડિસઇન્ફેક્ટન્ટ (ચેપનાશક પદાર્થ), જેમ કે હેન્ડ સેનિટાઇઝર કે વાઇપ્સ સાથે રાખો, અને પોતાના હાથ અવારનવાર ધોતા રહો.
- જો તમે બીમાર હો તો, કૃપા કરી ટ્રાન્ઝિટમાં સવારી કરવાનું ટાળો. સૌથી નજીકની COVID-19 એસેસમેન્ટ સાઇટ પર પરીક્ષણ ચોક્કસ કરાવો અને જાહેર આરોગ્ય સૂચનો અનુસરો.

બ્રેમ્પટન ટ્રાન્ઝિટ પોતાના કર્મચારીઓ અને સમુદાયને સુરક્ષિત રાખવા COVID-19 સામે ઉઘાડા પડવાનું સંભવિત જોખમ ઓછામાં ઓછું કરવા જરૂરી બધાં પગલાઓ ભરવાનું ચાલુ રાખે છે.

**કડીઓ (લિંક્સ)**

- COVID-19 ને પ્રતિભાવ આપવામાં માર્ચ 9 થી અમલી બનતા બ્રેમ્પટન ટ્રાન્ઝિટ સર્વિસમાં ફેરફારો

-30-

**સીટી ઓફ બ્રેમ્પટન મીડિયા સંપર્ક**
ગુરવિંદર સિંહ
કોર્ડિનેટર, મીડિયા એન્ડ કમ્યુનિટી એન્ગેજમેન્ટ
સ્ટ્રેટેજીક કોમ્યુનિકેશન્સ
સીટી ઓફ બ્રેમ્પટન
905-874-2028 | Gurvinder.A.Singh@brampton.ca

**રીજીયન ઓફ પીલ મીડિયા સંપર્ક**
ઍશલી હૉકિન્સ (Ashleigh Hawkins)
કમ્યુનિકેશન્સ સ્પેશિયલિસ્ટ – જાહેર આરોગ્ય
રીજીયન ઓફ પીલ
416.818.4421 | ashleigh.hawkins@peelregion.ca